# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-10-2024** **EVENING : 7.10 to 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

---

1) દેશના અગ્રણી ઉદ્યોગપતિ સ્વર્ગસ્થ રતન ટાટાને મુખ્યમંત્રીએ મુંબઇમાં શ્રધ્ધાંજલી અર્પી. રાજ્યમાં એક દિવસનો શોક પળાયો
2) ગુજરાત હાઇકોર્ટના નવ નિયુક્ત ત્રણ ન્યાયાધિશોને મુખ્ય ન્યાયમૂર્તિએ શપથ લેવડાવ્યાં
3) સુરતના માંગરોળમાં બનેલી સામૂહિક દુષ્કર્મની ઘટનાના એક આરોપીનું મોત
4) નવરાત્રીની ઉજવણી વચ્ચે રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં.. આગામી બે દિવસમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી
5) આઠમના દિને આજે માતાજીના મંદિરોમાં હોમ હવન અને વિશેષ પૂજા અર્ચના - અંબાજી મંદિરમાં ભક્તોનું ઘોડાપુર

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# TATA SHARDHANJALI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પદ્મવિભૂષણથી સન્માનિત અને ટાટા ગ્રૂપના મોભી શ્રી રતન ટાટાના અવસાન અંગે શોક વ્યક્ત કરીને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી છે.

મુખ્યમંત્રીએ રતન ટાટાને શ્રદ્ધાંજલિ પાઠવતા કહ્યું કે, ભારતે સાચા અર્થમાં રતન ગુમાવ્યું છે. તેમના અવસાનથી દેશને ક્યારેય પૂરી ન શકાય તેવી ખોટ પડી છે. શ્રી રતન ટાટાએ સમગ્ર વિશ્વમાં ઔધોગિક ક્ષેત્રે દેશને ગૌરવ અપાવ્યું હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.

રાજ્ય સરકારે રતન ટાટાના નિધન અંગે આજે એક દિવસ માટે શોક પાળવામાં આવ્યો હતો. જેમાં તમામ જાહેર અને સરકારી કાર્યક્રમો રદ કરવામાં આવ્યાં હતાં. સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે રતન ટાટાના નિધન અંગે શોક વ્યક્ત કરતા કહ્યું હતું કે ઔધોગિક ક્ષેત્રે દેશને નામના અપાવનાર વ્યક્તિ દેશે ગુમાવ્યા છે..

(બાઇટ ઋષિકેશ પટેલ)

---

- પીટીસી- ગાંધીનગર, મહેસાણા

- હર્ષલ પંડયા -(NAVIN)

# JUDGES OATH

મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલે ગુજરાત વડી અદાલતમાં આજે નવનિયુક્ત ન્યાયાધીશોને શપથગ્રહણ કરાવ્યા હતા.. ન્યાયાધીશ તરીકે નિમાયેલા સંજીવ જયેન્દ્ર ઠાકર, દીપ્તેન્દ્ર નારાયણ રાય અને મૌલિક જિતેન્દ્ર શેલતે શપથગ્રહણ કર્યા હતા.

ગુજરાત હાઇકોર્ટની ફર્સ્ટ કોર્ટમાં યોજાયેલા આ સમારોહમાં ગુજરાત હાઇકોર્ટના ન્યાયાધીશો, એડવોકેટ જનરલ સહિત વરિષ્ઠ વકીલો તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા શ્રી સંજીવ જયેન્દ્ર ઠાકર, શ્રી દીપ્તેન્દ્ર નારાયણ રાય અને શ્રી મૌલિક જિતેન્દ્ર શેલતને ગુજરાત હાઈકોર્ટના જજ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------

- અખબારી યાદી – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# Governor

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા આજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતા. રાજભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે તેમને ઉષ્માભેર આવકાર્યા હતા. આ મુલાકાત દરમિયાન વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી પણ ઉપસ્થિત રહ્યા હતા.

------------------------------------------------------------------------

- ઇન્ફો /રૂપલ

-(NAVIN)

# RAJIPAL SAMIKSHA BEATHAK

પ્રાકૃતિક કૃષિ અભિયાનને વધુ વેગવાન બનાવવા ગાંધીનગર રાજભવનમાં ઉચ્ચકક્ષાની સમીક્ષા બેઠક યોજાઇ હતી.

આ બેઠક દરમિયાન રાજ્યપાલે કહ્યું હતું કે વધુ ઉત્પાદન, સારી ગુણવત્તા અને ઓછો ખર્ચ આ બધું પ્રાકૃતિક ખેતી દ્વારા જ શક્ય બનશે. રાજ્યની કૃષિ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પ્રાકૃતિક કૃષિનો મુખ્ય વિષય તરીકે અભ્યાસ કરવા ઉપર રાજ્યપાલે ભાર મૂક્યો હતો. આ બેઠકમાં ઉપસ્થિત રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે પ્રાકૃતિક ખેતીમાં ગુજરાત દેશનું રોલ મોડલ બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો..

---------------------------------------------------------------------

- પીટીસી- ગાંધીનગર – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# AAROPI DEATH

સુરતના માંગરોળ દુષ્કર્મ કેસના આરોપીનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું છે. પોલીસ કસ્ટડીમાં જ આરોપી શીવશંકરની તબિયત લથડી હતી. તેને શ્વાસ લેવામાં તકલીફ થઇ હતી. સારવાર બાદ સિવિલ હોસ્પિટલમાં તેનું મોત થયું હોવાની માહિતી તેમ સુરત LCB પી.આઈ. રાજેશ ભટોલે આપી હતી.

(બાઇટ રાજેશ ભટોલ)

-----------------------------------------------------------------------

- પીટીસી- સુરત – હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# WEATHER

નવરાત્રીના સમયે જ રાજ્યના કેટલાંક વિસ્તારોમાં વરસાદ થયાના અહેવાલ છે. બપોરે અમરેલીના રાજુલા અને જાફરા બાદ તેમજ કચ્છમાં પણ ભારે વરસાદ પડ્યો હતો.. માંડવી મુન્દ્રા અને ભુજ તાલુકાના ગ્રામ વિસ્તારમાં વરસાદી ઝાપટા જ્યારે અબડાસાના બોહા અને મોટા કરોડીયામાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે. ગીર સોમનાથના કોડીનાર માં પણ મુશળધાર વરસાદ પડતાં કારણે માર્કેટિંગ યાર્ડ ના શેડ નીચે પાણી વહેવા માંડ્યુ હતું. જેને કારણે તત્કાળ ધોરણે વેપારીઓ દ્વારા અનાજ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી. બોટાદ જિલ્લાના બરવાળા પંથકમાં વરસાદી માહોલ સર્જાયો હતો. બરવાળા શહેર સહિત તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. જ્યારે ભરુચ જિલ્લામાં તોફાની વરસાદ વરસ્યો હતો. આમોદ પંથકમા વીજળીના કડાકા ભડાકા સાથે ફુંકાયેલા વાવાઝોડાએ ગામડાઓમાં ભારે વિનાશ વેર્યો હતો.. ગામડાઓમાં અનેક મકાનોના છાપરાં ઉડી દૂર સુધી ફંગોળાયા વૃક્ષો તથા વીજ પોલ ધરાશાયી થયાં હતા..

બીજીતરફ હવામાન વિભાગે પણ આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી બે દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાત તેમજ દિવ, દમણ અને દાદરાનગર હવેલીમાં ઘણા સંથ્ળોએ ગાજવીજ સાથે વરસાદની શક્યતા દર્શાવી છે. જ્યારે સૌરાષ્ટ્નરા દરિયાકાંઠના જીલ્લાઓ અને અમદાવાદ સહિતના વિસ્તારોમાં પણ વરસાદની શક્યતા દર્શાવી છે.

---

- પીટીસી- અમરેલી, ભરૂચ, બોટાદ, ગીર સોમનાથ – હર્ષલ પંડયા -(NAVIN)

# GARBA

રાજ્યભરમાં નવરાત્રીની ઉત્સાહ, ઉમગં અને શ્રધ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે આજે આઠમુ નોરતુ છે. આજના દિને મા દુર્ગાનાં મહાગૌરી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. આજના દિવસે દુર્ગા પંડાલોમાં માતાની વિશેષ પૂજા – અર્ચના કરવામાં આવે છે. તેમજ કન્યા પૂજન પણ આજના દિવસે જ કરવામાં આવી રહ્યું છે. ત્યારે પવિત્ર યાત્રાધામ અંબાજીમાં માતાજીનું વિશેષ પૂજન અર્ચન કરવામાં આવી રહ્યું છે. આઠમના નૈવેદ નિમિત્તે હજારો ભક્તોએ માતાના ચરણોમાં શિશ ઝુકાવ્યું હતુ. બનાસકાંઠાના અમારા પ્રતિનિધ સવજી ચૌધરીએ અંબાજીમાં થઇ રહેલી ઉજવણી અંગે વિસ્તૃત માહિતી આપી હતી

## વોઇસ કાસ્ટ સવજી ચૌધરી

બીજીતરફ રાજ્યમાં રાસ ગરબાની રમઝટ જામી છે.. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કલ્ચરલ ફોરમના ગરબામાં ઉપસ્થિત રહ્યાં હતા અને વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીએ માતાજીની આરતી ઉતારી હતી..કલ્ચરલ ફોરમના ગરબામાં ઉદ્યોગપતિ રતન ટાટાને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. જ્યારે પ્રસિધ્ધ યાત્રાધામ ચોટીલા ખાતે શક્તિ પર્વ-૨૦૨૪'ની ઉજવણી કરવામાં આવી હતી. ચામુંડા માતાજી ડુંગર ટ્રસ્ટના તળેટી પાર્કિંગ પ્લોટ ખાતે આયોજિત શક્તિપર્વમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો..

રાજ્યનાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં પરંપરાગત ગરબાના તાલે મોટી સંખ્યામાં ખૈલૈયાઓએ ગરબા કર્યા હતા..

---

- પીટીસી- સુરેન્દ્રનગર, બનાસકાંઠા હર્ષલ પંડ્યા

-(NAVIN)

# Vikas yatra

ગુજરાતની વિકાસયાત્રાના ૨૩ વર્ષની ઉજવણી નિમિત્તે ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૪ સુધી 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ ગયા. આઈકોનિક સ્થળોએ વિકાસ યાત્રા યોજાઈ રહી છે.

**વિકાસયાત્રામાં સીમાચિન્હ રૂપ બનેલા અને દેશના પ્રથમ રિવરફ્રન્ટ સાબરમતી રિવરફ્રન્ટ આજે દેશ-વિદેશના પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર બન્યો છે. આઇકોનિક અટલ બ્રિજ, જોય રાઇડ, રિવર ક્રુઝ, ચિલ્ડ્રન પાર્ક, સ્પોર્ટ્સ પાર્ક, બાયોડાઇવર્સિટી પાર્ક, ઇવેન્ટ સેન્ટરમાં પ્રતિમાસ લાખો મુલાકાતીઓ નિહાળી રહ્યા છે.**

વિધાનસભાના નાયબ દંડક વિજય પટેલના અધ્યક્ષ સ્થાને 'વિકાસ સપ્તાહની ઉજવણી' અંતર્ગત ડાંગના વઘઇમાં લોકાર્પણ કાર્યક્રમ યોજાયો, જેમાં વઘઈ તાલુકાનું નવનિર્મિત બી.આર.સી. ભવન, બોરખલ અને કડમાળ પ્રાથમિક શાળાના નવા ઓરડાનું લોકાર્પણ કરાયું.

પંચમહાલ જિલ્લામાં ગ્રામીણ કક્ષાએ આવેલી તમામ કચેરીઓ ખાતે કર્મયોગીઓ, આગંણવાડી બહેનો તથા ગ્રામજનોએ ભારત વિકાસ પ્રતિજ્ઞા / વિકાસ શપથ લીધા હતાં.

કચ્છ જિલ્લામાં વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત જિલ્લાની શાળાઓમાં નિબંધ, વકતૃત્વ, રંગોળી જેવી વિવિધ સ્પર્ધાઓના આયોજન સાથે વિદ્યાર્થીઓએ "ભારત વિકાસ "ની પ્રતિજ્ઞા લઇને ભારતના વિકાસમા મન-વચન કર્મથી સહયોગ આપવા નિશ્ચય કર્યો હતો.

---

- Ptc /પંચમહાલ,મહીસાગર,BHUJ-ઇન્ફો-સુરેન્દ્રનગર,ડાંગ /રૂપલ -(NAVIN)

# TELE MANAS

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે વિશ્વ માનસિક આરોગ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે ટેલી માનસ એપ અને વિડિયો કોલ સુવિધાનો આજે દિલ્હીમાં આરંભ કર્યો છે. દિલ્હીમાં યોજાયેલા ખાસ સમારંભમાં વિશ્વ આરોગ્ય સંસ્થાના ટેલી માનસ ચકાસણી અહેવાલ અને કર્મચારીઓના આરોગ્ય માટે સ્વસંભાળ મોડ્યુલનો પણ આરંભ કરાયો હતો.

આ વર્ષની વિષય વસ્તુ છે. કાર્યના સ્થળે માનસિક આરોગ્ય. આ પ્રસંગે ટેલી માનસ હેલ્પલાઇનને બે વર્ષ પૂર્ણ થયા તેની ઉજવણી કરાઇ હતી.

આજના આ દિવસ નિમિત્તે માનસિક આરોગ્ય પ્રત્યે જાગૃત્તિ કેળવવા રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

---

- પૂલ- શ્રીરંગ તેંડુલકર

-(NAVIN)